૮

નવી બાબત વર્ષ ૨૦૧૯-૨૦
અગરિયા જાતિની આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૧૦નો બીજો વર્ગ શરૂ કરવા બાબત
રૂ.૬૧.૧૫ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃઅનશ-૧૦૨૦૧૮-૬૪૧૪૬૪-ન.બા.૨૩-અ૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૬/૦૫/૨૦૨૦

વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગનો તા.૦૯/૦૯/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: અનશ-૧૦૨૦૧૮-૬૪૧૪૬૪-ન.બા.૨૩-અ૧

**આ મુ ખ :-**

અગરિયા જાતિની આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૧૦નો બીજો વર્ગ શરૂ કરવા બાબતની રૂ.૬૧.૧૫ લાખની વર્ષ ૨૦૧૯-૨૦ની નવી બાબતને નાણાં વિભાગની તા.૨૬/૦૮/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના આ વિભાગના તા.૦૯/૦૯/૨૦૧૯ના સરખા ક્રમાંકના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. સદરહુ નવી બાબતમાં વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અગરિયા જાતિની ૫ (પાંચ) આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૧૦નો શાળા દીઠ એક વર્ગ એમ કુલ ૫(પાંચ) બીજા વર્ગ શરૂ કરવા શાળા દીઠ ૧(એક) શિક્ષક પ્રમાણે મદદનીશ શિક્ષકની કુલ ૫(પાંચ) નવી જગ્યાઓ ઉભી કરવાની બાબતનો સમાવેશ કરવામાં આવેલ હતો. પરંતુ આ વિભાગના સરખા ક્રમાંકના તા.૦૯/૦૯/૨૦૧૯ના ઠરાવમાં શિક્ષકોની જગ્યાઓનો ઉલ્લેખ ન હોવાથી તેનો ઠરાવમાં ઉલ્લેખ કરી સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ :-**

આ વિભાગના સરખા ક્રમાંકના તા.૦૯/૦૯/૨૦૧૯ના ઠરાવમાં <u>"પુખ્ત વિચારણાના અંતે વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અગરિયા જાતિની આદર્શ નિવાસી શાળાઓમાં સામાન્ય પ્રવાહ ધોરણ-૧૦નો બીજો વર્ગ શરૂ કરવાની રૂ.૬૧.૧૫ લાખ (સાત માસના ખર્ચ)ની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે."</u> ના સ્થાને <u>" પુખ્ત વિચારણાના અંતે વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અગરિયા જાતિની ૫(પાંચ) આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૧૦નો શાળા દીઠ એક વર્ગ એમ કુલ ૫(પાંચ) બીજા વર્ગ શરૂ કરવા તથા શાળા દીઠ ૧(એક) શિક્ષક પ્રમાણે મદદનીશ શિક્ષકની કુલ ૫(પાંચ) નવી જગ્યાઓ ઉભી કરવા માટેની રૂ.૬૧.૧૫ લાખ</u>

(સાત માસના ખર્ચ)ની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે." મુજબનો સુધારો કરવામાં આવે છે.

આ વિભાગના તા.૦૯/૦૯/૨૦૧૯ના સમાન ક્રમાંકના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ સુધારા ઠરાવ સમાન ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૨૨/૦૫/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એ.ચૌહાણ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત)
- સેક્શન અધિકારીશ્રી, અ-શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ.